મોડાસાની વાઘોડિયા દૂધ મંડળીને તાળાબંધી

દૂધ ઉત્પાદકોએ નાણાં નહિ ચુકવતા કરી તાળાબંધી, ગેરવહીવટ ચાલતો હોવાનો આક્ષેપ

મોડાસા, તા. ૧૪

વાઘોડિયા ગામે આવેલ દૂધ ડેરીના ગ્રાહકોને એક મહિનાથી દૂધના પૈસા ન મળતાં ઉશ્કેરાયેલા લોકોએ શનિવારે સવારે દૂધ ડેરીને તાળાંબંધી કરી. જ્યાં સુધી વાઘોડિયા દૂધ ઉત્પાદક મંડળીમાંથી લેવાના નીકળતા નાણાં નવા વાઘોડિયા શાખા કેન્દ્ર-૨ ને નહિ ચુકવવામાં આવે ત્યા સુધી ડેરી બંધ રાખવાની ચીમકી આપી હતી. આ દરમિયાન ગ્રાહકો અને ડેરીના મંત્રી તેમજ ચેરમેન વચ્ચે બોલાચાલી થતા મામલો બીચકયો હતો. બીજી બાજુ કેટલાક ગ્રાહકોએ વાઘોડિયા દૂધ મંડળીમાં ગેરવહીવટ ચાલતો હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

વાઘોડિયા ગામે આવેલ દૂધ મંડળીના શાખા કેન્દ્ર-૨ ના દૂધ ઉત્પાદકોને લેવાના નીકળતા નફાના રૂપિયા નહિ ચુકવવામાં આવતા દૂધ ઉત્પાદકોએ શનિવારે સવારે નવા-વાઘોડિયા ગામના દૂધ ઉત્પાદકોએ વાઘોડિયા દૂધ ઉત્પાદક મંડળીમાં એકઠા થઈ હલ્લાબોલ કરી દૂધ મંડળીમાં વહીવટ કરતા વહીવટદારો સામે ગેરરીતિ અને મનફાવે તે રીતે વહીવટ કરતા હોવાનો આક્ષેપ કરી વાઘોડિયા દૂધ મંડળીને તાળાબંધી કરી દેવામાં આવતા ભારે હોબાળો મચ્યો હતો.

વાઘોડિયા દૂધ ઉત્પાદક મંડળીના ચેરમેન નવલસિંહના જણાવ્યા અનુસાર નવા વાઘોડિયાના દૂધ ઉત્પાદકોએ હુમલો કરી તાળાબંધી કરી દેતા ગામમાં ભયનો માહોલ ઉભો થયો છે. ગામમાં સ્થિતિ બગડે તેવો ભય બતાવી પશુપાલકોએ દૂધ ક્યાં ભરાવવા જવું તે અસમંજસની સ્થિતિ પેદા થઈ હોવાનું જણાવ્યું હતું.

વાઘોડિયા દૂધ ઉત્પાદક મંડળીને તાળું મારનાર ભૂપતસિંહ ગુલાબસિંહના જણાવ્યા અનુસાર વાઘોડિયા દૂધ ઉત્પાદક મંડળીમાંથી છુટા પડ્યા પછી આજદિન સુધી નફાની રકમ ચૂકવાઈ નથી અને ચેક આપવામાં પણ ગલ્લા તલ્લાં કરવામાં આવી રહ્યા છે અને સાબરડેરીમાંથી આવેલ નાણાં પણ ન મળતા ન્યાય માટે તાળાબંધી કરવાની ફરજ પડી છે.

પ્રાંતિજના ઘડી ખાતે આચાર્યની બદલીને લઈને વિદ્યાર્થીઓએ ગામમાં રેલી યોજી

સાબરકાંઠા જિલ્લામાં પ્રાંતિજ તાલુકામાં એચ ટાટના આચાર્ય ફાજલ પડવાને લઈને ફાજલ પડવાની ઘટનાએ જોર પકડયું છે. જેમાં આચાર્યની બદલી રોકવા પ્રાંતિજના મૌછા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ધારાસભ્યને આવેદનપત્ર આપ્યું હતુ. ઘડી પ્રાથમિક શાળાના બાળકોએ ગામમાં પોસ્ટરો સુત્રોચ્ચારો સાથે રેલી કાઢી.

સરકારી પ્રાથમિક શાળાઓમાં સંખ્યાની ઘટ પડતા એચ ટાટના આચાર્ય ફાજલ પડતા પ્રાંતિજ તાલુકામાં આવેલ મૌછા પ્રાથમિક શાળાના બાળકો દ્વારા તેમના આચાર્યની બદલી રોકવા પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના તલોદ ખાતે આવેલ નિવાસ્થાને પોહચી ગયા હતા અને ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારને આચાર્યની બદલી રોકવા આવેદનપત્ર આપ્યું હતું. પ્રાંતિજના ઘડી ખાતે પણ ઘડી પ્રાથમિક શાળાના બાળકો દ્વારા તેમના આચાર્યની બદલી રોકવા

શાળા છુટયા પછી ઘડી ગામમાં પોસ્ટરો સુત્રોચ્ચારો સાથે રેલી યોજી હતી અને આચાર્યની બદલી રદ કરવા રજુઆતો કરી હતી. માંગ નહી સ્વિકારવામા આવે તો શાળાને તાળાબધી કરવાની માંગ પણ કરવામાં આવી છે.

...વધુ એક પરીક્ષા રદ થતા અરવલ્લીના ઉમેદવારોમાં આક્રોશ

વીજ કંપનીઓની જુ.એન્જીનીયર અને વિદ્યુત સહાયકો માટેની પરીક્ષા રદ

જુલાઈ-૨૦૧૮ માં પી.જી.વી.સી.એલ, ડી.જી.વી.સી.એલ. અને એમ.જી. વી.સી.એલ રાજ્યમાં વીજ પુરવઠો પૂરો પડતી વીજ કંપનીઓએ ૧૫૦ જુનિયર એન્જીનીયર અને ૭૦૦ થી વધુ વિદ્યુત સહાયકો માટે ભરતી બહાર પાડી હતી. મોટી સંખ્યામાં ગુજરાત સહીત અરવલ્લી જિલ્લામાંથી ઉમેદવારોએ ફોર્મ ભરી નોકરી મેળવવા તૈયારીઓ હાથ ધરી હતી. જાહેરાત આપ્યાના દોઢ વર્ષ જેટલા સમય પછી અગમ્ય કારણોસર ભરતી પ્રક્રિયા રદ કરી દેવામાં આવતા ઉમેદવારોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. અરવલ્લી જિલ્લામાં વીજ કંપનીની ભરતી પરીક્ષા રદ કરવામાં આવતા ઉમેદવારોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

રાજ્યમાં ગૌણ સેવાની ભરતી પરીક્ષાનાં હોબાળો હજી સમ્યો નથી ત્યારે વધુ એક ભરતી પરીક્ષા રદ કરવામાં આવી છે. સરકારની વીજ કંપનીએ વિદ્યુત સહાયક અને જુનિયર એન્જિનિરોની ભરતી પરીક્ષા રદ કરી છે. આ ભરતી પરીક્ષા ૧૫૦ એન્જિનિયરો અને ૭૦૦ થી વધુ વિદ્યુત સહાયક (કલાર્ક) માટેની હતી. આ પરીક્ષા રદ કરવા માટેનું કારણ આપ્યા વગર જ માત્ર એક મેસેજ આપીને ભરતી રદ કરવામાં આવી છે. જેના કારણે હાલ ઉમેદવારોમાં રોષ વ્યાપ્યો છે. આ અંગેનું નવું નોટિફિકેશન બહાર પાડવામાં આવશે. વીજ કંપનીના ભરતી માટે દરેક ઉમેદવારો પાસેથી ૫૦૦ રૂપિયા લીધા હતા. ભરતી રદના મેસેજમાં તેવુ પણ જણાવવામાં આવ્યું છે કે, પરીક્ષા ફોર્મ સમયે ભરવામાં આવેલી ફી રીફન્ડ મળશે. આ અંગેની વધુ માહિતી માટે તમારે www.dgvcl.com વેબસાઈટની મુલાકાત લેવાની રહેશે. થોડા જ સમયમાં આ અંગેની બીજી જાહેરાત પણ બહાર પાડવામાં આવશે.

મોડાસાના કોલીખડ નજીક ટ્રક ડ્રાઈવર ક્લીનરને દોરડાથી બાંધી લૂંટારૂએ ફેંકી દીધા

જીરૂ ભરેલી ટ્રકને હિંમતનગર પાસે લૂંટી લેવાઈ

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાંથી પસાર થતા વાહનોમાં લૂંટ ચલાવતી ગેંગ સક્રિય થતા બંને જીલ્લાની પોલીસ હરકતમાં આવી ગઈ છે. ઉંઝાથી ટ્રકમાં જીરૂ ભરી ઈન્દોર જઈ રહેલ ટ્રકને હિંમતનગર નજીક કારમાં આવેલા કેટલાક લૂંટારૂએ આંતરી ટ્રકમાંથી ડ્રાઈવર-ક્લીનરને ઉતારી માર મારી દોરડા વડે બંનેને બાંધી દઈ મોડાસાના કોલીખડ પાટિયા નજીક રોડ નજીક ઝાડી-ઝાંખરામાં નાખી દેતા વહેલી સવારે પસાર થતા રાહદારીને ખબર પડતા પોલીસને જાણ કરતા મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી ટ્રક-ડ્રાઈવરને પોલીસ સ્ટેશન લઈ આવી હિંમતનગરમાં લૂંટ થઈ હોવાથી હિંમતનગર પોલીસને મોકલી આપવામાં આવ્યા હોવાની માહિતી પોલીસસુત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.

ઉંઝાથી ટ્રકમાં જીરૂ ભરી મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે નીકળેલા ટ્રકચાલકને હિંમતનગર સહકારી જીન નજીક સફેદ કલરની મારૂતિમાં આવેલા ૪ થી ૫ શખ્સોએ આંતરી ટ્રક અટકાવી ટ્રકમાંથી ડ્રાઈવર-ક્લીનરને ઉતારી માર મારી બંનેને દોરડાથી બાંધી દઈ મોઢા પર સેલોટેપ લગાવી ગઈ ગોદડામાં લપેટી કારમાં અપહરણ કરી ટ્રકની લૂંટ કરી ટ્રક-ડ્રાઈવરને કારમાં કોલીખડ નજીક નાખી દઈ રફુચક્કર થઈ જતા કોલીખડ નજીક ટ્રક-ડ્રાઈવર કણસતી હાલતમાં રોડ નજીકથી પસાર થતા રાહદારીને થતા મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. દોરડાથી બંધાયેલા ટ્રક-ડ્રાઈવરને મુક્ત કરાવી મોઢા પરથી સેલો ટેપ કાઢતા ટ્રક-ડ્રાઈવરે પોલીસ આગળ સમગ્ર ઘટના અંગે જણાવતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી ટ્રક-ડ્રાઈવરને હિંમતનગર નજીક લૂંટની ઘટના બની હોવાથી બંનેને સાબરકાંઠા પોલીસને સુપ્રત કર્યા હોવાની માહિતી પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી સાબરકાંઠાના પોલીસ મથકના ચોપડે આ ઘટના ન નોંધાઈ હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

સાબરડેરીના ૧૮૯ ભરતી પ્રક્રિયા મુલત્વી રાખવા રાજ્ય રજીસ્ટ્રારનો હુકમ

જિલ્લા પંચાયત સદસ્ય કીર્તિ પટેલ કહ્યું સત્યનો વિજય

સાબરડેરી દ્વારા ૧૮૯ વિવિધ જગ્યાઓ માટે બહાર પડેલી ભરતીમાં ઉમેદવાર દીઠ ૧૫ થી ૨૫ લાખનું ઉઘરાણું કરવામાં આવતું હોવાનો આક્ષેપ ડેમાઈ જિલ્લા પંચાયત સદસ્ય કીર્તિ પટેલે કરવાની સાથે ભરતી પ્રક્રિયામાં ભારે ગેરરીતિ આચરવામાં આવી હોવા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈ રાજ્ય અને જિલ્લા રજીસ્ટ્રારમાં લેખિત રજુઆત કરતા અન્ય ત્રણ ફરિયાદ પણ થતા જિલ્લા રજિસ્ટ્રારના અહેવાલના આધારે રાજ્ય રજીસ્ટ્રારે ભરતી પ્રક્રિયામાં અનેક વિસંગતાઓ હોવાનું ટાંકી આ ભરતી પ્રક્રિયાની તપાસ જરૂરી હોય ચોક્સી અધિકારીની નિમણુંક કરી ચોક્સી અધિકારીનો અહેવાલ રજુ થયા બાદ નિર્ણય ન લેવાય ત્યાં સુધી ભરતી પ્રક્રિયા મુલત્વી રાખવાના આદેશથી ખળભળાટ મચી ગયો છે. અરવલ્લી જિલ્લાના ડેમાઈ જિલ્લા પંચાયત સીટના યુવા સદસ્ય કીર્તિ પટેલે સત્યનો વિજય થતા ખુશી વ્યક્ત કરી હતી.

બીજી બાજુ ઈલોલ દૂધ મંડળીએ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી વિવાદાસ્પદ બનેલી સાબરડેરીની ૧૮૯ કર્મચારીઓની ભરતી નિયામક મંડળના સભ્યોએ જરૂરિયાતમંદ ઉમેદવારો પાસેથી અઢળક નાણા લઈ નોકરી આપવાનો વાયદો કર્યો કરી સત્તાવાળાઓએ લેખિત પરીક્ષા લીધી હતી. સમગ્ર ભરતી પ્રક્રિયામાં કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું માની ભરતી પ્રક્રિયા અટકાવવા હાઈકોર્ટમાં ઘા નાખી હતી, જે જિલ્લા રજિસ્ટ્રારને તપાસ સોંપાયા બાદ ભરતી પ્રક્રિયા માટે કોઈ તજજ્ઞ અથવા આ પ્રકારની કામ કરતી નિષ્ણાત કામગીરી સોંપાઈ નથી. તજજ્ઞોને એક્સપર્ટ કમિટીમાં

અંગે શુક્રવારે થયેલી સુનવણી બાદ વધુ સુનવણી તા.૨૦ ડિસેમ્બરે હુકમ કરતા ભરતી પ્રક્રિયામાં મલાઈ તારવી લેવા મથતા અને લાખ્ખો રૂપિયા આપી ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપનાર નોકરી ઈચ્છુકોના પેટમાં તેલ રેડાયું છે. હાલ સાબરડેરીએ ૧૮૯ કર્મચારીઓની ભરતી પ્રક્રિયા અટકવી દીધી છે.

સાબરડેરીએ ૧૭ ઓક્ટોમ્બર ૨૦૧૯ ના રોજ ૧૮૯ વિવિધ જગ્યા માટે ભરતી પ્રક્રિયા હાથ ધરી હતી જેમાં ગેરરીતિ આચરવામાં આવી હોવા અંગે ડેમાઈ જિલ્લા પંચાયત સદસ્ય કીર્તિ પટેલ સહીત ૪ પક્ષે ગેરરીતિ આચરવામાં આવી હોવાની ફરિયાદ કરતા જેના અનુસંધાને સમાવેશ ન કરવો પેપર સેટિંગ અને પેપર ચકાસણી સંઘના જ અધિકારીઓને સોંપવી સિલેબસ નક્કી કરવામાં આવ્યો ન હતો.

પરીક્ષા કેન્દ્રોમાં સીસીટીવી કેમેરા ન હોવા બારકોડ ન હોવા સહીત અનેક ક્ષતિઓ બહાર આવતા પ્રથમ દ્રષ્ટિએ ભરતી પ્રક્રિયા પારદર્શક થઈ ન હોવાનું જણાવી રાજ્ય રજીસ્ટ્રાર બીજલ શાહે કલમ-૮૪ (૪) અન્વયે ભરતી પ્રક્રિયા મુલત્વી રાખવા મનાઈ હુકમ ફરમાવી અને ભરતી પ્રક્રિયાની તપાસ કરવા ચોક્સી અધિકારી તરીકે યુ.એમ. વાસણવાળા (સંયુક્ત- રજીસ્ટ્રાર ફડચા)ની નિમણૂકનો હુકમ કરતા બંને જિલ્લાની સહકારી સંસ્થાઓમાં ખળભળાટ મચી ગયો છે.

હિંમતનગરમાંથી નાસતો ફરતો શખ્સ પકડાયો

પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એક ફરીયાદ બાદ એક શખ્સ નાસતો ફરતો હતો. જેને બાતમીને આધારે શનિવારે સાબરકાંઠા એસઓજીએ હિંમતનગરના મોતીપુરા પીકઅપ સ્ટેન્ડ પાસેથી ઝડપી લઈને વધુ તપાસ માટે પ્રાંતિજ પોલીસને હવાલે કર્યો હતો. પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં તાહિરહુસેન સલીમમીયા કુરેશી વિરૂદ્ધ ઈપીકો કલમ ૩૭૯, ૪૨૭ અને ૧૪૪ મુજબ ફરીયાદ નોંધાઈ હતી. ત્યારબાદ આ શખ્સને પોલીસ શોધી રહી હતી.

સાબરડેરીમાંથી દૂધનો પાવડર ચોરાતા એક વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગરના પીપલોદી નજીક આવેલ સાબરડેરીમાંથી એક ટેન્કરના ચાલકે ચાર દિવસ અગાઉ ૭ હજારથી વધુની કિંમતના દૂધના પાવડરની ચોરી કરાયાની ફરીયાદ શુક્રવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે વાઘરોટા ગામના હસમુખભાઈ કચરાભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ૧૧ ડિસેમ્બરના રોજ ટેન્કર નંબર જીજે-૦૯-એવી-૩૪૫૮ના ચાલક સુનીલભાઈ જતીનભાઈ મેઘાએ રૂ. ૭૩૭૫૦ની કિંમતના દૂધના પાવડરની બેગ ટેન્કરની કેબિનની સીટમાં મુકતો હતો.

ડીસાના ભોયણ નજીક બે ટ્રેલરની ટક્કર

ડીસા -પાલનપુર હાઈવે ઉપર આવેલ ભોયણ નજીક શુક્રવારે રાત્રે બે ટ્રેલર વચ્ચે ભયાનક અકસ્માત સર્જાયો હતો અકસ્માતના પગલે બંને ટ્રેલરના ફુરચા ઉડી જવા પામ્યા હતા સદભાગ્યે આ અકસ્માતમા જાનહાની ટળી ગઈ હતી તેથી તમામે હાશકારો અનુભવ્યો હતો.

ભિલોડા મામલતદાર કચેરીમાં વિવિધ પ્રાણ પ્રશ્નોના નિકાલ સંદર્ભે સામાજીક કાર્યકરો દ્વારા આવેદનપત્ર

ભિલોડા,તા.૧૪

ભિલોડા મામલતદાર કચેરીમાં વિવિધ પ્રાણ પ્રશ્નોના નિકાલ સંદર્ભે રેવન્યું તલાટી વિષ્ણુભાઈ સુતરીયાને સામાજીક કાર્યકરો ધ્વારા આવેદનપત્ર અપાયું હતું. દિલિપભાઈ અસારી, ગુલાબભાઈ પરમાર, વાઘાજી ગામેતી, વિજયભાઈ પરમાર, હરેશભાઈ ભાટીયા, સુરેશભાઈ ગામેતી, રણછોડભાઈ ગામેતી સહિત સમાજીક કાર્યકરોએ એકત્રીત થઈને આવેદનપત્રમાં લેખિતમાં જણાવ્યું હતું કે ભિલોડા તાલુકાનો ઝળહળતો સર્વાંગી વિકાસ થવો જોઈએ તેમ જણાવ્યું હતું.

ભિલોડા તાલુકા મથક ખાતેના આજુ-બાજુના ૫ કિ.મી.ના ગ્રામિણ વિસ્તારોનું એકત્રીકરણ કરી ભિલોડાને નગરપાલિકાનો દરજ્જો આપવા પ્રબળ સર્વત્ર લોક માંગણી છે. ભિલોડા ગ્રામ પંચાયત મતવિસ્તાર મોટો હોઈ સાથે- સાથે તાલુકા મથક ખાતે સર્વાંગી વિકાસ થાય તે હેતુસર સત્વરે ભિલોડા ખાતે નગરપાલિકાનો દરજ્જો આપવામાં આવે તો ઝળહળતો વિકાસ શક્ય છે.

ભિલોડા ગ્રામ પંચાયત કચેરીને નગરપાલિકા દરજ્જો

મળે તો ભિલોડા, વિજયનગર, ખેડબ્રહ્મા, મેઘરજ તાલુકાના આદિજાતિ વિસ્તાર માટે ભિલોડામાં સરકારી મેડીકલ-ઈજનેરી કોલેજ આપવા માંગણી છે.

જીવન જરૂરીયાત ચીજવસ્તુ જેવી કે દુધમાંથી બનતી બનાવટ દુધ, છાશનો ભાવ ભિલોડા, વિજયનગર, મેઘરજ સહિત વિવિધ વિસ્તારોના બજારોમાં પ્રિન્ટ કિંમત થી રૂા.૨/- થી રૂા.૩/- સુધી ગ્રાહકો પાસેથી વધારે લેવાતા હોઈ ગરીબ લોકોને વેપારીઓ ધોળા દિને લુંટી રહ્યા છે.પ્રિન્ટ મુજબ ભાવ લેવાય તેવી માંગણી છે.

ખેડબ્રહ્મા, પોશીના, ભિલોડા, વિજયનગર, મેઘરજ તાલુકો અને શામળાજીને અલગ તાલુકો બનાવી હાથમતી જીલ્લો આપવો જોઈએ સાથે- સાથે જીલ્લા મથક ભિલોડાને આપવા પ્રબળ માંગણી છે. આદિવાસી વિસ્તારનો સર્વાંગી વિકાસ થાય, ટ્રાયબલ વિસ્તારનું ફંડ ટ્રાયબલ વિસ્તારમાં જ વપરાય તેવી માંગણી છે.

ડીસા પોલીસની રોમીયોગીરી કરતાં તત્વો સામે લાલ આંખ

શાળા-કોલેજો આગળ પોલીસની બાજ નજર

સમગ્ર દેશમાં મહિલા દુષ્કર્મની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે જેથી મહિલાઓની સલામતી જોખમાઈ છે જેને લઈ સમગ્ર દેશની જનતામાં આક્રોશ વ્યાપ્યો છે જેના કારણે સરકાર પણ એક્શનમાં આવી ગઈ છે અને આવા તત્વો સામે કડક કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

જેથી ડીસામાં પણ સ્કૂલ કોલેજ આગળ રોમિયોગિરી કરતા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે ખાસ કરીને શાળા કોલેજોની આસપાસ અસમાજિક તત્વો દ્વારા ટિકટોક વિડિઓ બનાવી વાઇરલ કરવાની ઘટનાને લઈ સ્કૂલ કોલેજમાં અભ્યાસ અર્થે જતી વિદ્યાર્થીનીઓ પોતાને અસુરક્ષિત મહેસુસ કરતી હોય છે જે બાબતને લઈ શહેરમાં ઉત્તર અને દક્ષિણ પોલીસ સ્ટેશનના નવા પી. આઈ. દ્વારા શાળા કોલેજોની આસપાસમાં ફરતા અસમાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સવારે શાળા પ્રવેશ તથા છુટવાના સમય દરમિયાન સાદા ડ્રેસમાં પોલીસના જવાનો દ્વારા બાજ નજર રાખવામાં આવી રહી છે અને કેટલાય રોમીયોને રંગેહાથ ઝડપી તેમના ટુ વ્હીલર બાઈકો કબજે કરીને દંડ પણ ફટકારવામાં આવી રહ્યો છે ડીસા ઉતર તથા દક્ષિણ પોલીસ સ્ટેશનના નવા પી. આઈ. ઓની કામગીરીની શહેરીજનોમાં પ્રશંસા થઈ રહી છે ત્યારે રોજબરોજ આ કામગીરી ચાલુ રાખવામાં આવે તેવી શાળા કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ તેમજ તેમના વાલીઓ દ્વારા માંગ પણ કરવામાં આવી રહી છે.

મોડાસાના એક જ પરિવારના સભ્યોનો સામૂહિક આપઘાત કરનાર

મૃતક દંપતીના અસરગ્રસ્ત પુત્ર અને પુત્રીને મોડાસા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લવાયા

મોડાસા, તા. ૧૪

મોડાસાનો પરિવાર નાથદ્વારા દર્શન કરવા માટે ગયો હતો. બાદમાં ઉદેપુર ફરવા માટે ગયા હતા જ્યાં ફેશ થવા માટે ઉદયપુરની હર્ષ પેલેસ હોટલમાં રૂમ ભાડે લીધો હતો. મોડાસામાં નૈનેશ ડેકોરેશનનો ધંધો કરતા શખ્સે એક કલાક માટે રૂમ ભાડે લઈને પરિવાર સાથે ત્યાં રોકાયા હતા પરંતુ થોડીવાર પછી ૧૭ વર્ષિય દિકરી લડખડાતી હાલતમાં નીચે આવી અને હોસ્પિટલ લઈ જવા માટે કહેવા લાગતાં હોટલનો સ્ટાફ તાત્કાલીક તેઓના રૂમમા દોડી ગયો હતો જ્યાં પતિ પત્નિને પલંગમાં પડેલા જોયા હતા અને તેઓનો દિકરો નીચે પડેલી હાલતમાં કણસતો જોવા મળ્યો હતો.

સાથે તેઓના રૂમમાં ઝેરી દવાની ડબી અને ઠંડા પીણાની બોટલ પણ જોવા મળી હતી. તેઓએ ઠંડાપીણામાં ઝેરી દવા ગટગટાવી લઈ મોતને વ્હાલું કર્યું હતું. જેને પગલે હોટલના કર્મચારીઓએ પોલીસને જાણ કરી તાત્કાલીક સારવાર અર્થે ખસેડ્યા હતા. જ્યાં હોસ્પિટલના તબીબો દ્વારા પતિ પત્નિને મૃત જાહેર કર્યા હતા. જ્યારે ૨૫ વર્ષિય દિકરો અને ૧૭ વર્ષિય દિકરીની સારવાર ચાલી રહી હોવાનું જાણવા મળ્યું હતું. ડેકોરેશનના ધંધા સાથે સંકળાયેલા હોવાથી મોડાસામાં મોટે ભાગે તેઓને શહેરીજનો ઓળખતા હતા.

જો કે આખા પરિવારે એક સાથે ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કરતાં મોડાસામાં આ કિસ્સો ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. જ્યારે શહેરભરમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી. ગુરુવારના રોજ દંપતિના મૃતદેહને મોડાસા ખાતે લાવવામાં આવ્યા હતા. તેઓની સ્મશાનયાત્રામાં મોટી સંખ્યામાં સગા સંબંધીઓ અને શહેરીજનો જોડાયા હતા. જ્યારે તેઓના બંને બાળકોને મોડાસાની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં બંને પુત્રી રીષી અને પુત્ર નંદની તબિયતમાં સુધારો હોવાની તબીબે પુષ્ટિ કરી હતી.

મૃતક દંપતીના અંતિમયાત્રાનું કવરેજ કરવા ગયેલા પત્રકારો સાથે ગેરવર્તણૂંક

ઉદેપુરની હોટલમાં ઝેરી દવા ગટગટાવીને મોતને વ્હાલું કર્યા બાદ દંપતિને મોડાસા ખાતે અંતિમક્રિયા માટે લાવવામાં આવ્યા હતા. જ્યાં અંતિમયાત્રામાં સામેલ કેટલાક શખ્સોએ અગમ્ય કારણોસર મોતનો મલાજો પણ જાળવ્યો ન હતો અને મૃતક દંપતીના અંતિમયાત્રાનું કવરેજ કરવા ગયેલા પત્રકારો સાથે ગેરવર્તણૂંક કરી હતી અને કવરેજ કરેલ વિડીયો ફૂટેજ ડિલેટ મરાવવાની સાથે બે પત્રકારોના મોબાઈલ પણ આંચકી લેતા અંતિમયાત્રામાં જોડાયેલા અન્ય લોકોએ બંને પત્રકારોના મોબાઈલ પરત અપાવ્યા હતા જેને પગલે આવા શખ્સો સામે સામે પત્રકારોમાં રોષ વ્યાપ્યો હતો અને મોડાસા પોલીસ સ્ટેશનમાં ભોગ બનેલ પત્રકારોએ અરજી આપી હતી.